# Kids કોર્નર

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશ્યલી તમારા માટે છે. If you have your poem, your story or a game for print અથવા તમે કોઈ એવી સિધ્ધિ મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત With photograph and biodata અહીં મોકલી આપો. આ ખૂણો બિલકુલ તમારો છે. બીજા kidsને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail ઍડ્રેસ પર સેન્ડ (send) કરો.

e-mail : kidscorner@gujaratmitra.in



## જ્યારે બીરબલ બાળક બન્યુ

**રાજાએ બીરબલની આ વાતો પર બિલકુલ વિશ્વાસ ન કર્યો, તેણે વિચાર્યું કે બીરબલ મોડું આવવાનું ખોટું બહાનું બનાવી રહ્યો છે. તેણે બીરબલને કહ્યું કે બાળકોને સમજાવવું એટલું મુશ્કેલ કામ નથી. જો તેઓ સંમત ન હોય, તો તેમને થોડી ઠપકો આપીને શાંત કરી શકાય છે**

એક વારની વાત છે બીરબલને દરબારમાં આવવામાં મોડું થયુ હતું. અકબર રાજા બીરબલની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો. બીરબલ દરબારમાં પહોંચતા જ અકબરે તેને મોડુ આવવાનું કારણ પૂછ્યું. બીરબલે કહેવાનું શરૂ કર્યું કે આજે જ્યારે તે ઘરની બહાર નીકળી રહ્યો હતો ત્યારે તેના નાના બાળકોએ તેને રોક્યો અને ક્યાંય ન જવાની જીદ કરી. કોઈક રીતે, બાળકોને સમજાવ્યા પછી, ત્યાંથી નીકળવામાં વિલંબ થયો.

રાજાએ બીરબલની આ વાતો પર બિલકુલ વિશ્વાસ ન કર્યો, તેણે વિચાર્યું કે બીરબલ મોડું આવવાનું ખોટું બહાનું બનાવી રહ્યો છે. તેણે બીરબલને કહ્યું કે બાળકોને સમજાવવું એટલું મુશ્કેલ કામ નથી. જો તેઓ સંમત ન હોય, તો તેમને થોડી ઠપકો આપીને શાંત કરી શકાય છે.

તે સમયે, બીરબલ ઓળખતા હતા કે બાળકોના નિર્દોષ સવાલો અને જીદ પૂરી કરવી ખૂબ મુશ્કેલ હોય છે. અકબરને આ વાતથી સંતુષ્ટ ન થયો ત્યારે બીરબલે એક ઉપાય વિચાર્યો. તેણે રાજા સામે એક શરત મૂકી, તેણે કહ્યું કે તે સાબિત કરી શકે છે કે નાના બાળકોને સમજાવવું ખૂબ મુશ્કેલ છે, પરંતુ આ માટે તેણે નાના બાળક જેવું વર્તન કરવું પડશે અને રાજાએ તેને સમજાવવો પડશે. રાજાએ આ શરત સ્વીકારી.



વારતા રે વારતા

બીજી જ ક્ષણે બીરબલ બાળકની જેમ ચીસો પાડવા લાગ્યો અને રડવા લાગ્યો. રાજાએ તેને મનાવવા તેને ખોળામાં લીધો. બીરબલ તેના ખોળામાં બેસી ગયો અને રાજાની લાંબી મૂછો સાથે રમવા લાગ્યો. ક્યારેક તે બાળક જેવો ચહેરો બનાવતો તો ક્યારેક મૂછો ખેંચવા લાગે. અત્યાર સુધી રાજાને કોઈ વાંધો નહોતો.

જ્યારે બીરબલ તેની મૂછો સાથે રમીને કંટાળી ગયો ત્યારે તેણે શેરડી ખાવાની જીદ શરૂ કરી. રાજાએ બાળક બીરબલ માટે શેરડી લાવવાનો આદેશ આપ્યો. જ્યારે શેરડી લાવવામાં આવી ત્યારે બીરબલ નવી જીદ પકડી કે તેને છોલીલી શેરડી જોઈએ છે. એક નોકર દ્વારા શેરડીની છાલ ઉતારવામાં આવી. હવે બીરબલ જોરથી બૂમો પાડવા લાગ્યો કે તેને શેરડીના નાના ટુકડા કરવા છે.

પોતાની જીદ પુરી કરવા શેરડીના નાના-નાના ટુકડા કરી નાખ્યા.

જ્યારે રાજાએ આ ટુકડાઓ બીરબલને ખાવા માટે આપ્યા તો બીરબલે તેને જમીન પર ફેંકી દીધા. આ જોઈને રાજા ખૂબ ગુસ્સે થયા. તેણે ગુસ્સામાં બીરબલને પૂછ્યું, “તમે શેરડી કેમ નીચે ફેંકી દીધી? શાંતિથી ખાઓ.” ઠપકો સાંભળીને બીરબલ રડવા લાગ્યો અને જોરથી ચીસો પાડવા લાગ્યો.

અકબરે પ્રેમથી પૂછ્યું, “બીરબલ કહો. તમે શા માટે રડી રહ્યા છો?” બીરબલે જવાબ આપ્યો, “મારે હવે નાની નહિ પણ મોટી શેરડી જોઈએ છે.” અકબર તેને એક મોટી શેરડી મંગાવીને આપી, પણ બીરબલે તે મોટી શેરડીને હાથ પણ ન લગાડ્યો.

હવે બાદશાહ અકબરનો ગુસ્સો વધી રહ્યો હતો. તેણે બીરબલને કહ્યું, “તારી જીદ પ્રમાણે એક મોટી શેરડી લાવીને આપી છે ને, ન ખાધા પછી કેમ રડો છો?” બીરબલે જવાબ આપ્યો, “મારે આ નાના ટુકડાને જોડીને એક મોટી શેરડી ખાવાની છે.” બીરબલનો આ આગ્રહ સાંભળીને રાજા તેનું માથું પકડીને તેની જગ્યાએ બેસી ગયો.

તેમને પરેશાન જોઈને બીરબલે બાળક હોવાનો ઢોંગ કરવાનું નાટક પૂરું કર્યું અને રાજા સમક્ષ ગયો. તેણે રાજાને પૂછ્યું, “હવે શું તમે સંમત છો કે બાળકોને સમજાવવા એ ખરેખર મુશ્કેલ કાર્ય છે?” રાજાએ હા પાડી અને બીરબલ સામે હસવા લાગ્યો.

**શીખામણ શીખવું-**

આ વાર્તા પરથી આપણને ખબર પડે છે કે બાળકો ખૂબ જ માસૂમ હોય છે. ઘણીવાર આપણે તેમના માસૂમ પ્રશ્નોના જવાબો આપી શકતા નથી, પરંતુ તેમ છતાં તેમને પ્રેમથી સમજાવીને અને ઘણા ઉદાહરણો આપીને તેમની જીદ અને જિજ્ઞાસાને સંતોષી શકાય છે.

## AI અને રોબોટ્સ પર કોણ કરે છે આંધળો વિશ્વાસ? પુખ્ત કે નાના બાળકો?

અજબ ગજબ ■ ઈશાની

આગામી સમયમાં AI અને રોબોટ્સ માનવી પર હાવી થઈ જશે? શું તેઓ મનુષ્ય કરતા વધુ બુદ્ધિશાળી બનશે અને તેમને ગુલામ બનાવી દેશે? આવા અનેક પ્રશ્નો છે જે આપણી સામે ઊભા થાય છે. દિલચસ્પ પરંતુ એક ડરામણા અભ્યાસથી જાણવા મળ્યું છે કે, બાળકોને પુખ્ત વયના માનવીઓ કરતા રોબોટ્સ અને મશીનોમાં વધુ ભરોસો છે.

કમ્પ્યુટર્સ ઇન હ્યુમન બિહેવિયરમાં પ્રકાશિત રિસર્ચથી જાણવા મળ્યું છે કે જ્યારે રોબોટ્સ ભૂલો કરે છે ત્યારે બાળકો વધુ સ્વીકાર્ય અને સહાનુભૂતિ ધરાવતા હોય છે. અભ્યાસમાં ત્રણથી છ વર્ષની ઉંમરના 111 બાળકો સામેલ હતા. રિસર્ચર્સ જાણવા માગતા હતા કે બાળકો કયા સ્ત્રોતો પસંદ કરે છે અને સૌથી વધુ કોના પર વિશ્વાસ કરે છે, કારણ કે તેઓ ઓફલાઇન અને ઓનલાઇન જગતમાં દરરોજ ઘણા બધા ડેટાના સંપર્કમાં આવે છે. રિસર્ચર્સે તેમના પ્રકાશિત પેપરમાં લખ્યું, “પ્રશ્ન એ ઊભો થાય છે કે જ્યારે વિરોધાભાસી પુરાવાઓનો સામનો કરવો પડે છે, ત્યારે બાળકો કોની પાસેથી શીખવાનું પસંદ કરે છે?” બાળકોને ઘણા ગ્રુપમાં વહેંચવામાં આવ્યા અને તેમને મનુષ્યો અને રોબોટ્સની ફિલ્મો બતાવવામાં આવી, જેમાં નવી અને પરિચિત બંને પ્રકારની વસ્તુઓ પર લેબલ લગાવી રહ્યા હતા. મનુષ્યો અને રોબોટ્સની વિશ્વસનીયતા સામાન્ય વસ્તુઓને ખોટી રીતે લેબલ લગાવીને ચકાસવામાં આવી હતી, જેમ કે પ્લેટને ચમચી કહીને. કોના પર વધુ વિશ્વાસ કરવો તે અંગે બાળકોના વિચારોનું મૂલ્યાંકન કરવા માટે સંશોધકોએ આ કર્યું. બાળકોને રોબોટે લેબલ લગાવવા માટે કહ્યું, જે સાચા સમજીને બાળકોએ લેબલ લગાવ્યા હતા. જે ખૂબ જ રોચક હતું. સ્ટડીમાં કેટલીક વાતો સ્પષ્ટ થઈ. જ્યારે રોબોટ્સ અને ટેક્નોલોજી પર વિશ્વાસ કરવાની વાત આવે છે ત્યારે બાળકોના વિચાર અલગ હોય છે. એવું પણ જોવા મળ્યું હતું કે મોટા લોકો નાના બાળકો કરતાં રોબોટ પર આંખ બંધ કરીને વિશ્વાસ કરે છે. આવી બીજી ઘણી બાબતો જાણ્યા પછી રિસર્ચર્સ આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે, રોબોટમાં એવું તો શું છે જે તેને વધુ સારું બનાવે છે, તે ખુલ્લો પ્રશ્ન છે. આનાથી સ્પષ્ટ થાય છે કે, ભાવિ પેઢી આધુનિક ટેક્નોલોજી અને રોબોટ્સ વગેરે પર કેવી રીતે વિશ્વાસ કરશે, તે માનવતાના પોતાના ભવિષ્યને દિશા આપવામાં મદદ કરી શકે છે.



### કલર પૂરો




### જાણવા જેવું

- પૃથ્વી પર દરેક સેકન્ડ પર થતા જનમતા માનવીના ફક્ત 10% જ જીવીત રહે છે.
- દર વર્ષે પૃથ્વી પર 1 લાખ ધરતીકંપ થાય છે.
- પૃથ્વી, તારા, સૂરજ બધાં જ 4,56 અબજ વર્ષો જૂના છે.
- દરેક સેકંડે લગભગ 100 વાર વીજળી પૃથ્વી પર ત્રાટકે છે.
- વીજળીથી દર વર્ષે દુનિયામાં લગભગ 1,000 માનવીઓનું મૃત્યુ થાય છે.
- છીંક ખાવાથી મગજનાં કેટલાક સેલ મરી જાય છે એટલે લોકો છીંક આવતા ‘ખમ્મા’ અથવા ‘શ્રીજી બાવા’ એવું કાંઈક બોલે છે.
- શરીરમાં રક્તકણો લાલ કણો 20 જ સેકેંડમાં પૂરા શરીરમાં ફરી વળે છે.
- ગાયના દૂધને પચાવતા પેટને પચાવતા પેટને એક કલાક લાગે છે.
- શરીરમાં ફક્ત આંખની કીકી જ એક એવી છે કે એને લોહી પહોંચતું નથી.
- માણસ બોલે છે ત્યારે શરીરના જુદાજુદા 72 મસલ્સ કામ કરે છે.
- આપણા શરીરમાંથી દર સેકેંડે 1/50/00/000 રક્તકણો નાશ પામે છે.
- અમદાવાદને ‘માંચેસ્ટર ઓફ ઈંડિયા’નું બિરુદ મળ્યું હતું.એક સિગરેટ પીવાથી માનવીનું સરેરાશ આયુષ્ય સાડા પાંચ મિનિટ જેટલું ઘટી જાય છે.
- રશિયાએ ‘સ્પુટનિક’ નામનો કૃત્રિમ ઉપગ્રહ પ્રથમવાર અવકાશમાં મોકલ્યો હતો.
- એરોપ્લેનની શોધ 1903માં થઈ હતી.
- સ્વ. ચરણસિંહની સમાધિ ‘કિસાન ઘાટ’ ના નામે જાણીતી છે.
- પંડિત કાબરાનું નામ ‘ગિટાર’ સાથે સંકળાયેલુ છે.
- ‘બરફની હોકી’ કેનેડાની રાષ્ટ્રીય રમત છે.
- ગુરુને 12 ઉપગ્રહ છે.
- સ્પેન દેશમાં કાપડ પર સમાચાર પત્ર બહાર પાડવામાં આવે છે.
- ભારતનું સૌથી જૂનું ચર્ચ પલપુર-કેરાલામાં આવેલું છે.
- ઈંદિરા ગાણ્ધી અને ઝુલ્ફીકાર ભુતો વચ્ચી સિમલામાં શંતિ કરાર થયા હતા.
- ‘ઈંડિયન નેશનલ કૉંગ્રેસ’ સૌથી જૂની રાજકીય પાર્ટી છે.

### તફાવત શોધો



### ટપકા જોડો



### શબ્દો પૂરો




### શબ્દો શોધો




### રસ્તો શોધો

